શ્રી

ભજન-સંગ્રહ.

તથા

લાલજી.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

ઠક્કર નરભેરામ રણછોડદાસ.

વડોદરા ખંડેરાવ માર્કીટ.

પ્રથમ આવૃતી   સને ૧૯૧૧   પ્રત ૨૦૦૦

અમદાવાદ-પીરમશાના રોજા પાસે શ્રી સત્યસાગર પ્રિન્ટીંગ
પ્રેસમાં પટેલ પોચાભાઇ ચકુભાઇએ છાપી.

કીંમત એક આનો.

શ્રી

જાહેર ખબર.

સઉથી સરસ **સઉથી સરસ**

એકવાર વાંચી વાકેફ થવું.

ઘણી જાતની રામ—લીલાની બુકો છપાઈ બહાર પડેલી છે. પરંતુ સઘળી રામ—લીલામાં પહેલા નંબરની રામ—લીલાની બુક હમારી છે વાસ્તે ગાયનના સોખીનોએ તથા રામ-લીલા ભજવનારાઓએ ખાસ હમારી છપાવેલી રામ-લીલાની બુક ખરીદવા ચુકવું નહીં.

ઠક્કર ત્રીભોવન નરભેરામ.
બુકસેલર ખંડેરાવ માર્કેટ.
વડોદરા

શ્રી

ભજન-સંગ્રહ.

સ્તુતિ.

નમું હું નરહરી, વંદુ કર ધરી;
હું આપ સેવા માંઘુ, ટાળો મમ અરી. નમું હું.
બે બારી છે સર્વને માથે, મર્ણ તણો આચાર;
શખ્ય શરણુમાં સહાય કરીને, તુજ ચરણું આધાર નમું હું.
મચ્છ કચ્છ અવતાર ધર્યા તેં, ધર્યું રામ સ્વરૂપ;
રક્ષણ કરવા રાક્ષસ રોળ્યા, માર્યો રાવણ ભુપ. નમું હું.
નથી જ્ઞાન કે શક્તિ મુજને, જેથી પકડું હાથ;
છોડત નહીં કદી હું તુજને, હે જગતના નાથ. નમું હું.
ડર લાગે છે યમ કીંકરનો, માટે બ્હારે ધાયો;
દાસ તમારો નરભો કહે છે. હાથ દમારો સહાયો- નમું હું.

કાફી

બાલક કેરી રચનારે, પ્રભુ તારી અકળગતી;
ગાવે શહસ્ત્ર મુખથીરે, શેષ પણ ન પહોંચે મતી. ટેક.
મનુષ્યા દેહીના કાજે બનાવ્યાં, પાહાડ પર્વતને પાણી;

નામ તેના નાશ બનાવ્યો, કેવા છે શારીંગ પ્રાણી;
રંગી રહ્યા ઘટમાંરે, સોધી કહાડે વીરલા જતી. શી૦
હીરા મોતી માણેક બનાવ્યાં, ઝાડ પહાડને જમીન;
સઘળી વસ્તુ સરસ બનાવી, બનાવ્યાં રાતને દીન;
હાથી ઘોડા ઉંટજરે. વાઘ રીંછની પેદાશ થતી. શી૦
લગીર ખામી રાખી નથી, આકાશ પાતાળ માંય;
વળી રચી ખલક આ સારી, ચંદ્ર સુરજ ક્યાંય;
ડોળ જુવો કેવારે. બનાવી મનુષ્ય આકૃતી શી૦
દહીં દુધને ઘૃત બનાવ્યાં, અન્ન જળ ફળને શાક;
રાખી ધ્યાનને જુવો તપાસી. કેટલી જાતના થાયે પાક;
માંન ગુરૂ છોડાવોરે, માયા હમારી પુંઠે થતી. શી૦

કાફી.

ત્રીકમ લજ્યા રાખોરે, આ માયામાંથી મુક્ત કરો;
ભોગ રોગ લપટાયોરે, વિષયમાંથી કરોને પરો. ત્રીકમ૦
વાયુ અગ્નિએ પાવક પ્રગટ્યો, ચોદીશ લાગી લ્હાય;
નવ નાડી બોહોતેર કોઠાએ, સર્વાંગ ખાવા ધાય;
નવ જડે માંહી બારીરે, ઊગારવાને બાંહ્ય ધરો. ત્રીકમ૦
રજો સત્વને તમો ગુણ એ, ત્રણગુનું જોર છે ઝાઝુ;
ભેગાં થઇ ભવમાં ભટકાવે, મોહ માયાને બાઝુ;
રાખી લીધો ઝકડીરે, વૃથા માયાને ઠામ ઠર્યો. ત્રીકમ૦
મન મંદીરમાં ગોથું ખાધું, પુત્ર પરીવારે પકડાયો;
બુદ્ધિ બાવરી બની ગઇ, ધ[illegible] જડ્યા વિના અથડાયો;
કરી અજવાળુ મુકોરે, સુણ મારી ઠામ ધરો. ત્રીકમ૦

સેજ તળાઇમાં સુઇ રહ્યા છો, ત્યાંથી તઇયાર થાઓ;
લક્ષ્મીજી સાથે દરશન દેવા, વીઠલ બહારે આવ;
રહી ગયો છે નરભોરે, ચોરાશી બહુ ફેરા તો ફર્યો. ત્રીકમ૦

કાફી.

હરીનું નામ જપવુંરે, આ ભવ સાગર તરવા;
રીદ્ધિ સીદ્ધિ દાતારે, આપે મોક્ષ પદ મળવા. હરીનું૦
લાખો જીવ ભ્રમણામાં ભમે છે, ને માયામાં રહ્યા મોહી;
લક્ષ ચોરાશી ફરીને થાક્યા, પણ પાર ન પામ્યા કોઇ;
નવ રહેશો કોઇ ઉંઘીરે, જાગીને જુવો જ્ઞાન ગરવા- હરીનું૦
રહ્યા નથી કોઇ આ દુનિયામાં, પલમાં ગયા પકડાઇ;
ભેદ જડયો નહીં ગુરૂ વીના, રહ્યા અંધારામાં અથડાઇ;
ગ્રાપ્યજ્ઞ ગુરૂ માથેરે, તે કદી નહીં દે સીંધુ ફરવા. હરીનું૦
મથન કરી સૌ હારી થાક્યા, પણ ગુરૂ વીણ ગમ નવ પડે;
પાંચ વીષયને અળગા મુકો ખોળ્યે બ્રહ્માનંદ જડે;
જશો બાજી જીતીરે, ફરી નહીં આવો દેહ ધરવ. હરીનું૦
રામ નામનો મંત્ર છે મોટો. જપો જીભથી રાતને દહાડો;
પોહોર પલકને ઘડીએ સમરો, રામ ઘટમાં શોધી કહાડો;
રહી જશો નામ ભુલીરે, પડશો ચોરાશીમાં ફરવા. હરીનું૦

કાફી

હરીનું નામ સાચુંરે, આ જુઠી જગની છે માયા;
મનુષ્યા દેહી ધરીનેરે, જાળમાં આવી ફસાયા. (ટેક)
અવતાર ધરીને આ દુનિયામાં, શું સુક્રીત તેં કરીયું;
દયા ધરમ કાંઇ જાણ્યું નહીં, અને પાપે પેટજ ભરીયું;

જુવાબ ત્યાં શો દેશોરે જમે આવી જ્યારે સહાયા. હરી૦
જ્ઞાન ધ્યાન કંઇએ નહીં, ફરતો પ્રપંચમાં દહાડી;
ક્યાં કરમ નહીં છાનાં રહેશે, આખર પડશે વાત ઉઘાડી;
ધર્મ રાય લેશે લેખાંરે, ત્યારે નહીં જાવ ફા યા. હરી૦
માત પીતાને પુત્રજ તારા, કોઇ સાથ નહીં આવે;
નારી ત્હારી અળગી ન રહેતી, ત્યાં નહીં આવી છોડાવે;
જીવ જાશે જ્યારેરે, બાળી મુકશે ત્હારી તો કાયા. હરી૦
માટે ચટપટ ચેતી લઇને, હરી શમરણ કરી લેજો;
જ્ઞાન દ્રષ્ટિથી જુવો વીચારી, માયાથી મુક્ત રહેજો;
કહે નરભો સાચુરે, વ્હારે ધાશે જગરાયા. હરી૦

કાફી.

માયામાં શાને મોહ્યોરે, આ ધનદારાને પુત્ર સાથે;
એળે જનમારો ખોયોરે, ભર દરીયામાં બુડયો હાથે. (ટેક)
રામ નામ તને યાદ ન આવે, સ્ત્રી સંગ સારો લાગે;
જુવાની તારી જતી રહેશે, માથે શત્રુ મોટા જાગે;
જમદુત ફેરા ફરતારે, ચોદીશ આવી તારે માથે. માયા૦
પલક એકમાં ખલક છોડાવી, લઇ જાશે મુગદળ મારી;
ઉંધે મુસ્તકે નાખે કુંડમાં, સ્હાય કરશે કોણ તારી;
માટે ચટપટ ચેતોરે, આવી ઉગારે દીનાનાથે. માયા૦
આવ્યા ત્યારે બાંધી મુઠી, તે જતાં નાંખશો છોડી;
ઘડો પાપનો પુર્ણ ભરાશે, કાળ નાંખશે રોળી;
કહે નરભો સાચુરે, પુન્ય પોટકી બાંધો ભાથે. માયા૦૪

કાફી

ઝટપટ કોઇ જાગોરે, આ ગુરૂ પદ લેશો માણી;
સંસાર સાગર ભરીયોરે, સરીતા સીંધુ લેશે તાણી. (ટેક)
કરણી કથે પણ રેણી ન હોયે, મુકિત કયાંથી પાવે;
આતમ તત્વ ચીન્યા વીના, જુઠો ઝગડો મચાવે;
પાર નહીં પામોરે, શું સોધોછો વેદ વાણી. ઝટપટ૦
કરમ કર્યાનો પાર ન આવે, અહંપણામાં મરતો;
પછી ફળ થયાં તે બીજનાં, દોષ ધણીને ધરતો;
મારગ કેમ ભુલ્યોરે, આવીને દાણ લેશે દાણી. ઝટપટ૦
પાંચ પચીસના ટોળા સંગે, એક નાયક પડદે આવ્યો;
મન મસ્તાનો થઇ ફેરા ફર્યો, ઠાલો લાભ ગમાવ્યો;
ભરી હાટડીયે લુંટાયોરે, ખોળી મળે નહીં ઇધાણી. ઝટપટ૦
વિશ્વાસે વળગી રહયોરે, ઝાલી ધરમની ઢાલ;
મન મેવાસો મટી જશેરે, આપ્પર કરશે ન્યાલ;
દાસ હીરો કહેછેરે, ગુરૂ કોઇ મળેરે જ્ઞાની. ઝટપટ૦

કાફી.

સાધુ મનમાં સોધોરે, આ બ્રહ્મ કયાં બીરાજે:
અજાણમાં અથડાયોરે, વૃક્ષ બાવળે જઇ બાઝે. (ટેક)
હામ ચામ સઘળામાં બેઠો, બેઠો પથ્થરને પહાડ;
ઉપર સોધે નહીં મળેરે, નવ જડે સોધે ઝહાડ;
દીલ દરપણ લેજોરે, બીંતર રહી કોણ ગાજે. સાધુ૦
સુરતા સોહાગણ સંગમાં લેજો, કરજો સતગુરૂનો સંગ,
ભ્રમ ભાગે આ ભવતણો, સ્વામી મળશે નીહંગ;

નામ ધણીનું ન્યારં રે, પરખે શુરા વીર લાજે. સાધુ૦
ખોજોછો પણ ખબર નથી મીથ્યા તમારો જોગ;
ભોગને તો અલગા ન કરો અને વ્હોરી લીધો રોગ;
રોગ તાહારો જાશેરે ખોજી લ્યો દશ દરવાજે. સાધુ૦
મન જાણે હર કહાં વશે કહાં વસે રામો પીર;
જ્યોત જ્યારે પ્રગટ થાયે, ત્યારે પરખે પુરો વીર:
દાસ હીરો કહેછેરે, પરખી લીધા પ્રહલાદે. સાધુ૦

આખ્યો ૧ લો.

જીવ તું શાને ઝોકાં ખાય, તુજથી હરી શમરણ નવ થાય;
ભર દરીયામાં નાવજ તારૂં, ચોદીશ ઝોલાં ખાય;
પ્રગટ દીવડો પાસ છતાં પણ અંધારે કુટાય. જીવતું૦
દયા ધરમને દીનતા રાખી; જ્ઞાનનો મારગ સ્હાય;
કામ ક્રોધ અહંકાર તજે તો ભવસાગર ઉતરાય. જીવતું૦
રામ નામથી પથ્થર તરીયા; તર્યા વીભીક્ષણરાય;
અહંકારમાં અંધ થવાથી રાવણરાય રોળાય. જીવતું૦
હરી સમરી લે હાલ ઘડી; તુજ વેળા વીતી જાય;
કહે નરભો ગુરૂમાંન પ્રતાપે; અંતે કરસે સ્હાય. જીવતું૦

આખ્યો ૨ જો.

કીધાં કામ કીરતારે કેવાંરે; ભુલે નર ભ્રમણામાં એવાં. (ટેક)
પાંચ તત્વનાં પુતળાં બનાવ્યાં રૂપ રંગ જોયા જેવાં;
હાડ ચામને લોહી માંશએ જુજવાં જોઇ લેવાં. કીધાં૦
માટીમાંથી સર્વ બનાવ્યાં; અગ્નિ જળ આકાસ સેવ્યાં;
પવન પણ પ્રવેશ કરાવી, બતાવ્યાં ચઇતન્ય હેવાં. કીધાં૦

સુજાતી જાતો તેમાં બનાવી; કીડી કુંજર રૂપ કેવાં;
કહે નરભો પુંઠે માયા વીંટાણી; ભવજળ ગોથાં લેવાં. કીધાં૦

આરતી.

જયદેવ, જયદેવ, પ્રભુ જય જય નંદલાલા; પ્રભુ
સ્યામ સુંદીર તન શોભે (૨) લાગો છો વ્હાલા. જય૦
ખીટળીયાળા કેશ પ્રભુ શીરપરતા શોભે. પ્રભુ
સુખડું લાલ ગુલાલ (૨) જોતાં મન લોભે, જય
કાને મકરાકૃત, જોઇ હુંજપર જાઉ વારી; જોઇ
મોર મુગટ શીર શોભે; (૨) પ્રભુ પીતામ્બર ધારી. જય૦
દીનાનાથ દયાળ, પ્રભુ દીન જાણી મુજને. પ્રભુ૦
દાસની લ્યો સંભાળ; (૨) કહે નરભો તુજને. જય૦

આરતી.

આરતી રામ લક્ષમણજી કીજે; ભાવ ધરી ઓવારણાં લીજે;
મુજ મન માન્યું પદરજ સેવા; જગમાં દુર્લભ મીઠા મેવા;
રાત દીવસ રૂદીયામાં રાખું; ભક્તિ ભાવ અમૃત રસ ચાખું;
ખેલ ખેલાવુંને લાડ લડાવું; પ્રીતમ તુજથી પ્રીતી બડાવું;
મોહન મુજપર મ્હેર કરી જે; લક્ષ ચોરાશી બંધ હરી જે.

આરતી.

જયદેવ; જયદેવ; જય જય રામ કૃપાળુ; જય જય
પ્રેમ ધરી પ્રભુ તુજને (૨) નજરે નિહાળુ. જયદેવ
નીશદીન સેવા કરવા; પ્રભુ મતી મુજને આપો; પ્રભુ
પાપ તાપ પરજાળી (૨) મુજ શીર કર થાપો. જયદેવ.
માયા તણા જે બંધ; સ્વામી મુજથી નવ છુટે. સ્વામી

કામ ક્રોધ મદ લોભ (૨) દુનિયાંમાંહી લુટે. જયદેવ
ભક્ત વત્સલ શુંદરજી; પ્રભુ હું સેવક કહાવ્યો. પ્રભુ.
શાહ્ય કરો શામળીયા; (૨) તુજ શરણે આવ્યો. જયદેવ
તુજ ગુણ ગાવા જ્ઞાન; નથી કાંઇ નરભાને આપો; નથી
હસ્ત જોડી હું માગું; (૨) કષ્ટ પ્રભુ કાપો. જયદેવ.

શ્રી.

લાલજી.

લલીત છંદ.

નમું હરી હરી; નીત્યે તુંજને;
રડતો રાખીયો; કેમ મુજને;
ભેદ જડે નહીં; તાહરો જરા;
રાખી રીશ ને તેં; દાળીયો ધરા;
મર્ણ પમાડીયું; બાળ માહરૂં;
રખે તું વાળતો; વેર તાહરૂં;
નહીં કાંઇ મળે; મુજને દમી;
છોડ તેં છેદીને; રાખી ના કમી;
ડર દેખાડીને; દાબીયો દુ:ખે;
દાવ રમાડીયો; શું ભાણ્યું મુખે;
શહન હું કરૂં; શી રીતે હરી;
લાલ વિયોગથી; (મુજ) હામ તેં હરી;

બેડા બાઈ બુડતો તારોરે (એ રાગ)

ખરે દૈવ રૂઠયો અત્યારેરે; પ્રભુ શીદ રંકને મારેરે; (ટેક)
ઓગણી સેકાને ઓગણુ સાડે; પરથમ લીધો પુત્ર;
ત્રીજે દહાડે તેની માત તેડાવી; ભાંગી નાખ્યું ઘર સુત્ર;
લીધી ચોકાપર જ્યારેરે; પ્રભુ શીદ રંકને મારેરે;
તાત મ્હારા પણ લીધા ઝપાટી; ત્રીજે દીવસ તત્કાળ;
ઘર છોડીને સર્વ જ ભાગ્યા; લઇ બીજા એ બાળ;
ગયા બએગવને દ્વારેરે; પ્રભુ શીદ રંકને મારેરે;
સુખે થકી ત્યાં સુવા ન દીધા; પડાવ્યો પુરો ત્રાસ;
પોકાર પુરો પલેગે પડાવ્યો; કરાવી નાસા નાસ;
પુઠે પુઠે આવવા ધારેરે; પ્રભુ શીદ રંકને મારેરે;
બએ રાવને પીડવા ધાર્યો; રીશથી રાખીને દાવ;
ગાંઠજ ઘાલી ઝાંગમાં ઝીણી; ચઢીયો થોડો તાવ;
વળ્યું નહીં કાંઇ ત્યાં જ્યારે; પ્રભુ શીદ રંકને મારેરે;
તહીંથી મરકી પાછીજ ફરકી; કરીને કોપજ બહુ;
દીવસ તેરમે આવી ફરીને; પકડી મામાની વહુ;
મુખે રામ નામ પોકારેરે; પ્રભૂ શીદ રંકને મારેરે;
સુખે દુઃખે સંવત્સર કહાડયું; રડતાં રાતને દીન;
ઓચીતી કયાંથી આવીને ઉભી; પાછી ફરી મતી હીન;
લેવા મુજ માતને ધારેરે; પ્રભુ શીદ રંકને મારેરે,
ચાકરી કરવા બાળા બોલાવી પારવતી મુજ બ્હેન,
આણી અદેખાઇ ઉપર તેના, ફેરવ્યાં રીશથી નેન,
મુકી માત બ્હેન સંહારેરે, પ્રભુ શીદ રંકને મારેરે,

બાપ મુવા પછી બારમુ વીત્યુ; બંધુ ગયો બ્હાર દેશ,
મુંબઇ જઇને કીધી કમાણી, ખાધા ખરચ હમેશ,
પાઇ નવ પાસે ઉગારેરે, પ્રભુ શીદ રંકને મારેરે
ત્યાંથી તેડાવી પરણાવ્યો તેને, વાશનગરજ ગામ,
કન્યાનો પીતા પીતામ્બર હરજી, કોટડા મુળ મુકામ
દીધો હસ્ત મેળવી જ્યારેરે, પ્રભુ શીદ રંકને મારેરે
તે તણી કન્યા હતી બીજી મોટી ગોમતી નામની ઘેર
ચૈતર માસમાં મુજને આપી આવી તે આનંદ ભેર
તેડી લાવ્યા ઘેર હમારેરે પ્રભુ શીદ રંકને મારેરે
તીજે વરસ તન તેનેરે આપ્યો ધરી પ્રભુએ વ્હાલ
રૂપે રંગીલો છેલ છબીલો નામ ધરાવ્યું છે લાલ
જોતાં આવે હેત વધારેરે પ્રભુ શીદ રંકને મારેરે
હાથમાંથી ઘડી હેઠો ન મુકે રાખતી પોતાની પાસ
આવે રમાડવા આંગણે કોઇ કરે નહી વીશ્વાસ
ઘડી ઘડી નજરે નિહાળેરે પ્રભુ શીદ રંકને મારેરે
પુત્રના પ્યારને મેલી વીસારી સ્વર્ગ શીધાવી ગઇ
દશ માસ પછી પુરાન વીત્યા લેવા અધીરી થઇ
લઇ બાળ પથે સીધારેરે પ્રભુ શીદ રંકને મારેરે

(રાગ ચાલતો)

અરે પ્રભુ આમ શું કીધુંરે લુંટી મુજ રત્નજ લીધુંરે
લાલજી આપી લાલ શરીખો રૂપ રંગેથી વીશાળ
લાલચ આપી લાભ તણીને ખુંચાવી લીધો બાળ
ઘડી ઘડી દુઃખજ દીધુંરે લુંટી મુજ રત્નજ લીધુંરે

સંવત ઓગણી છાસઠ સાલે સુદી ભાદરવો માસ
અષ્ટમ પ્હોરે બુધજવાંરે દેખાડી દીધો ત્રાસ
ચોથે ચાલ્યું સ્વર્ગજ સીધુરે લુંટી મુજ રત્નજ લીધુરે
કુંડાળો દુઃખ ભંજન બેઠો, ગામમાં ઘેરે ઘેર;
આનંદ ઓચ્છવ સૌને કરાવે, મનમાં રાખીને મ્હેર,
તેણે કેવું કારજ કીધું રે, લુંટી મુજ રત્નજ લીધું રે,
એસતાં બાહાદુરી બહુ બતાવી, કીધો બાળકનો નાસ,
નાંખી નીંધાને નજરમાં ધાર્યો, રાખવા એની પાસ,
સમજાવી સાનમાં દીધુંરે, લુંટી મુજ રત્નજ લીધુ રે,
મરતાં સુધી કદીએ નવ ભુલું, ગણપતી તારી ચોથ,
વેર લીધું વડી વેરણ મારી, આળગી કરી તેં ઓથ,
પળે પળ રૂધીર તેં પીધુંરે, લુંટી મુજ રત્નજ લીધુરે,
શ્રાવની સામટી એકજ તીથી, બે બહેરીની સંગાત,
ટાંકણે ટાંકણું મેળવી લીધું, કીધી બાળકની ઘાત,
સુણી મુજ હૃદયજ બીધુંરે, લુંટી મુજ રત્નજ લીધુંરે
આઠ માસ સુધી ઉછેર્યો, લાડમાં લાડકો લાલ,
મરણ એની માત પમાડી કીધો વીખુટો બાળ,
પછી પયઅજાનું પીધુંરે, લુંટી મુજ રત્નજ લીધુંરે,
હથેળી માંહી અદ્ધર ઉભો, રહેતો હતો રણધીર.
ત્રણ માસ સુધી તન વેઠ્યું, ખામી નહીં લગીર.
પડયું ગણુંને દુઃખ દીધુંરે, લુંટી મુજ રત્નજ લી
દુઃખના ડુંગર માંહી ડુબાવી, રીઆવ્યો બેટમાસ,
નાંખી નજર જોવાય ન સામું, ઉપજે એવો ત્રાસ,

ધીર મુંદ રહેવા ન દીધુંરે, લુંટી મુજ રત્નજ લીધુંરે,
પુર્વ જનમમાં પાપજ કીધું, લીધું તે મુજથી વેર,
ચારે તરફથી લુંટવા ધારી, કારમો કીધો કેર,
વારયું ઘર ઉજ્જડ કીધુંરે, લુંટી મુજ રત્નજ લીધુંરે,

લલીત છંદ.

અરે હરી હરી, શું કર્યું નગે,
ઘડીએ ઘડી તું, મુજને દમે,
લેખ લલાટમાં શું લખ્યા હરી,
કુંવર કોડીલો, લીધો તેં હરી,
કંહી મળે મુને, હવે તે ફરી,
કહાં જઇ રહ્યા દેહને ધરી,
તજી તે પ્રીતને, વીસરી ગયો,
શું પુત્ર માલરો, વેગળો થયો,
આવી નવ દયા, લેશ તુજને,
રડતો મુકાયો, કેમ મુજને.

સમાપ્ત.

સૂચના

હાલમાં ગામો ગામ, ઠેકાણે ઠેકાણે, રામ—લીલા તથા પાંડવ લીલા, તથા હરીશ્ચંદ્ર આખ્યાન, વીગેરે ઘણી જાતનાં આખ્યાનો ભજવવા સારૂ મંડળીયો નીકળી છે.

તેવીજ રીતથી નવી મંડળી ઉભી કરી રામ-લીલા તથા કૃષ્ણ લીલા ભજવવાને કોઇનો વીચાર હશે તો તેમણે અમોને ખબર આપી મળવું.

જેથી અમોએ છપાવેલી રામ—લીલા તથા કૃષ્ણ—લીલાની બંન્ને બુકો ભજવવા સારૂં આપીશું તથા તેમની મરજી મુજબ સુધારો તથા વધારો ઘટાડો કરી આપીશું.

અમારી બુકોના હક બદલ ફક્ત મંડળીની અંદર હમારી બુકો વેચી આપવી એ શીવાય કાંઇ પણ ફી લઇશું નહીં.

સદરહુ બુકો ભજવનાર ઇસમે હમારી પાસેથી ભજવવા બદલનો લેખી દસ્તાવેજ લખાવી લેવો તથા મંડળીમાં ચોપડીઓ વેચવા બદલ હમોને દસ્તાવેજ લખી આપવો પડશે.

દસ્તાવેજ થયા શીવાય કોઇ ઇસમે ભજવવી નહીં

વડોદરા. } ઠક્કર ત્રીભોવન નરભેરામ.
બુકસેલર—ખંડેરાવ માર્કીટ

શ્રી

જાહેર ખબર.

લખવાનું કે આજ કાલ ઘણાખરા લોકો ચૂરણ વેચવા ચ અને ચુરણનાં ગાયનો ગાય છે, તે સાંભળવા સારૂ લોકોનાં ટોળાં તાનો ધંધો ચુકી ઉભાં રહે છે, જેથી પોતાનો ધંધો ચુકી અમુ વખત નકામો ગાળે છે, જેથી એવો નકામો વખત ન ગાળતાં થોડા પઇસા એટલે એક આનાની જુજ કીંમતની ચોપડી અમોએ બહાર પાડી છે અને તેનું નામ (ચુરણનાં ચટકાં) એ નામ આપ્યું છે. જેથી એ બુક ખરીદ કરી ઘેર બેઠાં વાંચવી જેથી આનંદ થશે અને ધંધો ચુકશો નહી.

લી. ઠક્કર નરભેરામ રણછોડદાસ સીગામળાવાળા

હાલ મુકામ વડોદરા.